
# મુસ્લિમો માટે ૪.૫ ટકાના પેટા ક્વોટાની કેન્દ્રની અરજી ફગાવાઈ

નવી દિલ્હી,તા.૧૩

કેન્દ્ર સરકારને અનામતના મામલે આજે મરણતોળ ફટકો પડ્યો હતો. સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ આદેશ જારી કરતા આ વર્ષે આઈઆઈટી સહિત કેન્દ્રીય શૈક્ષણિક સંસ્થાઓમાં લઘુમતીઓ માટે ૪.૫ ટકાના પેટા ક્વોટાને રદ કરવાના આંધ્રપ્રદેશ હાઈકોર્ટના આદેશ પર સ્ટે મૂકવાનો ઈન્કાર કરી દીધો હતો. સુપીમ કોર્ટના આ આદેશથી કેન્દ્ર સરકારની છેલ્લા કેટલાક દિવસથી ૨૭ ટકા અનામતમાં ૪.૫ ટકા પેટા ક્વોટા આપવાની હિલચાલને મોટો ફટકો પડી ગયો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે આ વર્ષે જાન્યુઆરીથી ૪.૫ ટકાના પેટા ક્વોટાને અમલી બનાવવાના કેન્દ્ર સરકારના નિર્ણય પાછળ કોઈપણ આધાર નથી. બંધારણીય જોગવાઈને ટેકો આપી શકે તેવા કોઈ નક્કર તારણો પણ કેન્દ્ર સરકાર પાસે દેખાઈ રહ્યા નથી. જેથી સુપ્રીમ કોર્ટે આંધ્રપ્રદેશ હાઈકોર્ટના આદેશ પર સ્ટે મૂકવાનો ઈનકાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કેન્દ્રીય શૈક્ષણિક સંસ્થાઓમાં ઓબીસીને ૨૭ ટકા અનામતની જેમ ૪.૫ ટકાના પેટા ક્વોટાને પણ કાયદામાં ટેકો મળી રહ્યો નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે એવું લાગે છે કે ૪.૫ ટકા પેટા ક્વોટાની વાત ધાર્મિક વિચારણા ઉપર આધારિત છે. આની પાછળ કોઈ નક્કર આધાર નથી. સુપ્રીમ કોર્ટના આજના



ચુકાદાની દુરગામી અસર થશે. આ ચુકાદાની સાથે જ ઓબીસીના વિદ્યાર્થીઓને હવે આઈઆઈટીમાં વધારાની ૪૪૩ સીટ મળશે જે ૪.૫ ટકાના પેટા ક્વોટા હેઠળ મુસ્લિમો માટે અનામત રાખવામાં આવી હતી. આજે આઈઆઈટી પ્રવેશ માટે કાઉન્સીલીંગની છેલ્લી તારીખ છે. સરકારને પેટા ક્વોટાના મામલે નિરાશા હાથ લાગી છે. આઈઆઈટીમાં પેટા ક્વોટા મારફતે તે આગળ વધી શકશે નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટ દ્વારા જોરદાર ઝાટકણી કાઢવામાં આવ્યાના એક દિવસ બાદ ગઈકાલે કેન્દ્ર સરકારે આઈઆઈટી જેવી કેન્દ્રીય શૈક્ષણિક સંસ્થાઓમાં ૨૭ ટકા ઓબીસી અનામતની અંદર લઘુમતીઓ માટે ૪.૫ ટકાના પેટા ક્વોટા સાથે સંબંધિત દસ્તાવેજો સુપરત કરી દીધા હતા. સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશ મુજબ જ આ દસ્તાવેજો સુપરત કરવામાં આવ્યા હતા. ૪.૫ ટકાના પેટા ક્વોટાના આંધ્રપ્રદેશ હાઈકોર્ટના આદેશ પર સ્ટે મૂકવાનો ઈન્કાર કરી સુપ્રીમ કોર્ટે ક્વોટા માટે તેના કેસને ટેકો આપવા તમામ જરૂરી દસ્તાવેજો રજૂ કરવા કેન્દ્ર સરકારને સ્પષ્ટ આદેશ કર્યો હતો જેથી કેન્દ્ર સરકારે પોતાના કેસને મજબૂત કરવા તર્કદાર દલીલો સાથે દસ્તાવેજો રજૂ કરાયા હતા. અગાઉ સુપ્રીમે સંવેદનશીલ મામલાને હાથ ધરવાની ઉદાસીન પ્રક્રિયા બદલ કેન્દ્ર સરકારની જોરદાર ટીકા કરી હતી.પૂરતા દસ્તાવેજો રજૂ કર્યા વગર સુપ્રીમમાં રજૂઆત બદલ કેન્દ્રની ટીકા કરતા સુપ્રીમે તેના તર્કને ટેકો મળે તેવા પુરાવા આપવા કેન્દ્રને કહ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૭ ટકા ઓબીસી અનામતની અંદર ૪.૫ ટકાના પેટા ક્વોટા આપવાની કેન્દ્રની હિલચાલને લઈને ભારે હોબાળો મચેલો છે. આંધ્રપ્રદેશ હાઈકોર્ટના ચુકાદા સામે સરકારની ખાસ અરજીને સ્વીકારી લેતા સુપ્રીમ કોર્ટે ધાર્મિક આધાર પર લઘુમતીઓને ૪.૫ ટકા અનામતની મંજૂરી સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. ૪.૫ ટકાના પેટા ક્વોટાને પડકાર ફેંકનાર અરજીદારો તરફથી સુપ્રીમ કોર્ટે જવાબો પણ માગ્યા છે. આ સંબંધમાં નોટિસ જારી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સોમવારે સુપ્રીમ કોર્ટે કેન્દ્રની જોરદાર ટીકા કરી હતી. ૨૨મી ડિસેમ્બર ૨૦૧૧ના દિવસે કેન્દ્રીય શૈક્ષણિક સંસ્થાઓ અને નોકરીમાં લઘુમતી સમુદાય સાથે સંકળાયેલા સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગો માટે પેટા ક્વોટા સંદર્ભમાં ઓફિસ મેમોરેન્ડમ જારી કરીને કેન્દ્ર સરકારે વિવાદ છેડ્યો હતો. આનો ભાજપ સહિતના વિરોધ પક્ષોએ જોરદાર વિરોધ કર્યો હતો.

## હિમાચલપ્રદેશમાં ૮ ચીની જાસુસોની ધરપકડ કરાઈ

મંડી,તા.૧૩

હિમાચલ પ્રદેશમાં ૮ ચીની જાસૂસોની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી ૩૦ લાખ રૂપિયાની રોકડ રકમ, અનેક સીમ કાર્ડ, વિદેશી દસ્તાવેજો, એટીએમ કાર્ડ અને પાસપોર્ટનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ઘરમાં કામ કરનાર બિહારના બે બાળકોને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. તમામની આકરી પૂછપરછ કરવામાં આવી રહી છે. મકાનના માલિક તરીકે રહેલી તિબેટની મહિલાને દરોડા અંગેની માહિતી પહેલાથી જ મળી ગઈ હતી જેથી તે ફરાર થઈ ગઈ હતી. પોલીસે બાતમીના આધારે હિમાચલ પ્રદેશમાં મંડીમાં એક આવાસ પર દરોડો પાડીને આ ચીની જાસુસોને પકડી પાડ્યા હતા. પોલીસને એવી માહિતી મળી હતી કે તિબેટિયન કોલોનીના ચૌતડા વિસ્તારમાં અનેક તિબેટિયન લોકોના સંકુલ બની ગયા છે. આનાથી



વિદેશમાંથી નાણા પણ મળી રહ્યા છે. બાતમી મળ્યા બાદ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અહી ૧૦ જેટલા વિદેશી કુતરાઓ પણ રાખવામાં આવ્યા હતા. પોલીસે ઘરની સુરક્ષા વ્યવસ્થા નિહાળ્યા બાદ અંદર ગેરકાયદે ગતિવિધિ ચાલી રહી હોવાની માહિતી મળી હતી. કોમ્પ્લેક્ષમાં મોટી માત્રામાં વિદેશી નાણા હોવાની પણ માહિતી મળી હતી. પોલીસને ઘરની અંદર ત્રણ તિજોરીઓ પણ મળી આવી છે. બેમાંથી ૩૦ લાખ રૂપિયાની રકમ મળી આવી છે. ત્રીજી તિજોરી ખાલી મળી છે. પોલીસે સંકુલમાંથી ચીની અને તાઈવાની ચીજવસ્તુઓ અનેક સીડી, એક દેશી અને એક વિદેશી એટીએમ કાર્ડ, વિદેશી કાગળો અને દસ્તાવેજો તેમજ પાસપોર્ટ જપ્ત કર્યા છે. એવી માહિતી મળી છે કે ઘરમાંથી ધરપકડ કરવામાં આવેલા ચીની નાગરીક લાંબા સમયમાં ભારતમાં રહેતા હતા. ચીની લોકો ભારતમાં ક્યારે અને કઈ રીતે પહોંચ્યા તેમાં તપાસ હાથ ધરાઈ છે.

## માઈનીંગ કેસમાં યેદિયુરપ્પાને આગોતરા જામીનનો ઈનકાર

બેંગ્લોર,તા.૧૩

ખાસ સીબીઆઈ અદાલતે ગેરકાયદે માઈનીંગ કેસમાં કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાની આગોતરા જામીન અરજીને ફગાવી દીધી હતી. યેદિયુરપ્પા સામે તપાસ સંસ્થા દ્વારા દાખલ કરવામા આવેલા ગેરકાયદે માઈનીંગ કેસના સંબંધમા આગોતરા જામીન અરજી આજે ફગાવી દેવામા આવાત યેદિયુરપ્પાની તકલીફમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. કોર્ટે યેદિયુરપ્પા અને તેમના પરિવારના સભ્યોની આગોતરા જામીન અરજી



પર તેનો ચુકાદો છઠ્ઠી જૂન સુધી અનામત રાખ્યો હતો. સીબીઆઈ જજ વેન્કટસુદર્શનો યેદિયુરપ્પા, તેમના પુત્ર બી રાઘવેન્દ્ર, બીવાય વીજેન્દ્ર અને જમાઈ આરએન સોહનકુમારની અરજી પર ચુકાદો અનામત રાખ્યો હતો. સીબીઆઈના વકીલ અશોક ભાન અને વરિષ્ઠ વકીલ અશોક હરનાહલ્લી દ્વારા દલીલો સમેટી લેવામા આવ્યા બાદ ચુકાદો અનામત રાખવામા આવ્યો હતો. સીબીઆઈએ યેદિયુરપ્પા અને અન્ય સામે એફઆઈઆર દાખલ કરી હતી. અગાઉ સુપ્રીમ કોર્ટે ૧૧મી મેના દિવસે ગેરકાયેદ માઈનીંગમાં સામેલ કંપનીઓની તરફેણ કરવા બદલ આક્ષેપોમાં તપાસ કરવા તપાસ સંસ્થાને આદેશ કર્યો હતો. સીબીઆઈ યેદિયુરપ્પા અને અન્યોના નિવાસ્થાન ઉપર દરોડા પણ પાડ્યા હતા.

## ગોડમેન નિત્યાનંદની જિલ્લા અદાલતમાં અંતે શરણાગતિ

બેંગ્લોર,તા.૧૩

ફોજદારી આરોપો બાદ ધરપકડનો સામનો કરી રહેલા



ગોડમેન નિત્યાનંદે આજે કર્ણાટકમાં રામનગરમ જિલ્લામાં શરણાગતિ સ્વીકારી લીધી હતી. ટીવી ચેનલોના અહેવાલમાં જણાવવામા આવ્યુ છે કેનિત્યાનંદને રામનગરમ જિલ્લા કોર્ટ દ્વારા એક દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમા મોકલી દેવામા આવ્યા છે કર્ણાટક હાઈકોર્ટ ગોડમેન સામે એફઆઈઆરને રદ કરવાની માંગ કરતી તેમની અરજી પર સુનાવણી મોકૂફ રાખ્યા બાદ નિત્યાનંદે શરણાગતિ સ્વીકારી લીધી હતી.

અગાઉ જાતે બની બેઠેલા ગોડમેન નિત્યાનંદની ઊંડી શોધખોળ આજે બીજા દિવસે પણ જારી રહી હતી. અગાઉ એવુ જાણવા મળ્યુ હતુ કે નિત્યાનંદ હાલમાં મદુરાઈમાં કોઈ જગ્યાએ છુપાયેલા છે. પોલીસે નિત્યાનંદના બીદાદી આશ્રમમાં ઊંડી શોધખોળ યથાવત્ રીતે જારી રાખીહતી. આજે સવારે પણ કલાકો સુધી ચકાસણી કરવામાં આવી હતી. બીદાદી આશ્રમમાં શોધખોળ કરવા અને આ આશ્રમને સીલ કરી દેવા મુખ્યમંત્રી સદાનંદ ગૌડાએ આદેશ જારી કર્યા બાદથી ઊંડી શોધખોળ ચાલી રહી હતી. સરકારે આશ્રમ ખાતેની ગતિવિધીઓમાં તપાસ કરવા માટે પણ પોલીસને સૂચના આપી હતી. આ તપાસ ૧૫ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે. નિત્યાનંદના બીદાદી આશ્રમમાં શોધખોળ બાદ સાત રૂમને સીલ કરી દેવામાં આવ્યા છે. આજે બુધવારના દિવસે દરોડાની કાર્યવાહી જારી રહી હતી. પોલીસને બીદાદી દરોડા દરમિયાન દસ્તાવેજો પણ મળી આવ્યા છે. નિત્યાનંદ સામે એક પછી એક તકલીફો આવી રહી છે. અમેરિકા સ્થિત મહિલાએ આક્ષેપ કર્યો હતો કે પાંચ વર્ષ સુધી તેના પર અત્યાચાર નિત્યાનંદ દ્વારા કરવામા આવ્યુ હતુ.

## ડિઝલ કારની કિમતમાં પણ જંગી વધારો થવાના એંધાણ

નવી દિલ્હી,તા.૧૩

પેટ્રોલની કિંમત વધી ગયા બાદ ડીઝલ કાર ખરીદવાનો યોજના બનાવી રહેલા લોકો માટે નિરાશાજનક સમાચાર છે. નાની ડીઝલ કારની કિંમતમાં તથા મોટી કારની કિંમતમાં વધારો થવાનો તખ્તો તૈયાર થઈ ચૂક્યો છે. પેટ્રોલિયમ મંત્રી જયપાલ રેડ્ડીએ ડીઝલ કાર પર વધારાની એક્સાઈઝ ડ્યુટી લગાવાની ભલામણ કરી છે. ઉચ્ચસ્તરીય સુત્રોએ કહ્યું છે કે જો સરકાર પેટ્રોલિયમ પ્રધાન એસ.જયપાલ રેડ્ડીની દરખાસ્તને સ્વીકારી લેશે તો નાની ડિઝલ કારની કિમતમાં ૧૭૦૦૦૦ સુધીનો વધારો થશે જ્યારે મધ્યમથી મોટી કારની કિમતમાં ૨૫૫૦૦૦નો વધારો થશે. નવી દરખાસ્તને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નવી દરખાસ્તનો ઓટો કંપનીઓ તરફથી જોરદાર વિરોધ શરૂ થઈ ચુક્યો છે. મે મહિનામાં કારના વેચાણમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. આવા સમયમાં ડિઝલ કારની કિમતમાં વધારો કરવાથી વેચાણને માઠી અસર થઈ શકે છે. મે મહિનામાં કારનું વેચાણ ૭ મહિનામાં સૌથી ઓછું રહ્યું છે. સ્થાનિક કાર વેચાણ મે મહિનામાં ૨૪ ટકા ઘટી ગયું છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ઓછી કારનું વેચાણ થયું છે. ઉંચી કિમતો અને ઉંચા વ્યાજદરના લીધે આ સ્થિતિ સર્જાઈ છે.


આ દરખાસ્તને નિષ્ણાંતો અને ખાનગી કંપનીઓ તરફથી પણ મંજુરી મળી રહી નથી. નિષ્ણાંતો આને એક ખતરનાક ગણતરી તરીકે ગણે છે. વડાપ્રધાનના આર્થિક પરિષદના વડા સી.રંગરાજન કહી ચુક્યા છે કે ફ્યુઅલની કિમતોને અંકુશમુક્ત કરવામાં આવે તે જરૂરી છે. નવી દરખાસ્તને લઈને પહેલાથી જ નારાજગીનુ મોજુ ફરી વળ્યુ છે.

જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે સરકાર જુદા જુદા પાસાઓ પર બચવાના પ્રયાસરૂપે રણનિતિ અપનાવી રહી છે. નામ જાહેર નહીં કરવાની શરતે ઈન્ડસ્ટ્રી નિષ્ણાંતોનું કહેવું છે કે સુધારા પ્રક્રિયા આગળ વધારવા સમય મેળવવાના પ્રયાસ ચાલી રહ્યા છે. સાતમી જુનના દિવસે નાણામંત્રી પ્રણવ મુખર્જીને લખવામાં આવેલા પત્રમાં પેટ્રોલિયમ પ્રધાને કહ્યું હતું કે ફ્યુઅલ સબસીડી બીલને કાબુમાં લેવા ત્રણ વિકલ્પો રહેલા છે.

## જાણીતા ગઝલ ગાયક મહેંદી હસનનુ અવસાન થતા ચાહકોમાં આઘાતનુ મોજુ

નવી દિલ્હી,તા.૧૩

જાણીતા ગઝલ ગાયક મહેંદી હસનનુ અવસાન થતા ચાહકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી કરાચીની એક હોસ્પિટલમાં તેઓ સારવાર હેઠળ હતા. ૮૪ વર્ષીય મહેંદી હસસને શહેનશાહ એ ગઝલ પણ કહેવામા આવે છે અને તેઓ ભારતીય રાજ્ય રાજસ્થાનમાં જન્મયા હતા. મહેંદી હસનના ચાહક વર્ગો ભારત અને પાકિસ્તાનમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં છે. છેલ્લા મહિનાથી મહેંદી હસનને શ્વાસ લેવામા તકલીફ પડી રહી હતી. તેમની તબિયત છેલ્લા ઘણા સમયથી ખરાબ હતી. કરાચીની એક ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. હોસ્પિટલમાં તેમને વેન્ટીલેટર મારફતે ઓક્સિજનની વ્યવસ્થા કરવામા આવી હતી. મહેંદી હસને આશરે ૫૦ વર્ષ પહેલા ગીત



ગાવવાની શરૂઆત કરી હતી. પરંતુ પોતાની જગ્યા સ્થાપિત કરવામા મહેંદી હસનને ખૂબ સમય લાગ્યો હતો. એક વખતે લોકપ્રિયતા મળી ગયા બાદ તેમની લોકપ્રિયતા સતત વધતી ગઈ હતી. તેમને શહેનશાહ એ ગઝલ તરીકે પણ લોકો બોલાવા લાગી ગયા હતા. ગયા મહીને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોગ ગહેલોતે ભારતીય વિદેશ પ્રધાન એસએમ કૃષ્ણાને અપીલ કરી હતી કે તેઓ મહેંદી હસનને તરત વિઝા આપે જેથી તેમની સારવાર શક્ય બની શકે. મહેંદી હસનને સારવાર આપવા માટે ભારત સરકારે આપીલ કરવામા આવ્યા બાદ આ દિશામાં હિલચાલ આગળ વધી હતી. મહેંદી હસનના અવસાનના સમાચાર ફેલાતા સાથે ચાહકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. રાજસ્થાનના લુણા ગામમાં તેમનો જન્મ થયો હતો. ગામના લોકો પણ મહેંદી હસન સ્વસ્થ થાય તેવી આશા રાખી રહ્યા હતા. મહેંદી હસન છેલ્લે વર્ષ ૨૦૦૦માં રાજસ્થાન આવ્યા હતા તે વખતે રાજ્ય સરકારે મહેંદી હસનને રાજસ્થાનીઓના એક કાર્યક્રમમા ભાગ લેવા આમંત્રણ આપ્યુ હતુ. એ વખતે મહેંદી હસન લુણામા પોતાના સંબંધીને શ્રદ્ધાંજલિ આપવા માટે પણ પહોંચ્યા હતા. મહેંદી હસને લુણા ગામમા એક સરકારી સ્કૂલમાં રૂમ માટે મદદ કરી હતી.

## હિંસા કેસ : સીબીઆઈને જવાબ આપવાનો આદેશ

નવી દિલ્હી,તા.૧૩

દિલ્હી હાઈકોર્ટે વર્ષ ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણ મામલામાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા સજ્જન કુમારની અરજી અંગે જવાબ આપવા આજે સીબીઆઈને આદેશ કર્યો હતો. ટ્રાયલ કોર્ટના આદેશ સામે સજ્જન કુમારની અરજી બાદ સીબીઆઈને જવાબ આપવા કહેવામા આવ્યુ છે. ટ્રાયલ કોર્ટના આદેશ બાદ દુવિધા ભરી સ્થિતિ ઉભી થઈ હતી. સજ્જન કુમારની અરજીનો જવાબ આપવા સીબીઆઈને આદેશ આપવામા આવ્યા બાદ મામલાની વધુ સુનાવણી ત્રીજીજુલાઈ સુધી મોકૂફ કરી દેવામા આવી હતી. અરજીનો ટુંકો જવાબ આપવા કહેવામા આવ્યુ છે. જસ્ટિસ એસપી ગર્ગે આ આદેશ કર્યો હતો. જસ્ટિસ ગર્ગે કહ્યુ હતુ કે વેકેશન દરમ્યાન હાઈકોર્ટમાં વહેલીતકે ધસી જવા માટે કોઈ કારણ ન હતુ કારણ કે ટ્રાયલ જજે ૧૩મી જુલાઈના દિવસે મામલાની સુનાવણી કરવા નક્કી કરવામા આવ્યુ હતુ. અત્રે ઉલ્લેખનયી છે કે ટ્રાયલ કોર્ટે બીજી જુનના દિવસે કુમારની અરજીને ફગાવી દીધી હતી. જેમા જણાવવામા આવ્યુ હતુ કે સાક્ષી જગદીશ કોરના નિવેદનનો કોઈ હેતુમાટે ઉપયોગ કરી શકાય નહી.

## અમરનાથ યાત્રા નિર્ધારિત સમયે શરૂ થાય તેવી શક્યતા ઓછી

નવી દિલ્હી,તા.૧૩

અમરનાથ યાત્રાને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે શ્રદ્ધાળુઓ માટે નિરાશાજનક સમાચાર છે. મળેલી માહિતી મુજબ આ વખતે અમરનાથ યાત્રા નિર્ધારિત સમયે શરૂ થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. આ વખતે અમરનાથ યાત્રા ૨૫મી જુનથી શરૂ થઈ રહી છે. જો કે સ્થિતિને ધ્યાનમાં લઈને યાત્રા નિર્ધારિત સમયે શરૂ થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ખરાબ હવામાન અને સતત હિમ વર્ષાના કારણે યાત્રાના બંને માર્ગ પર બરફની થર જામી ગઈ છે. અમરનાથ યાત્રાના સંબંધમાં સરકારે કહ્યું છે કે તે યાત્રીઓની સુરક્ષાને લઈને પરિસ્થિતિની વાકેફ છે. સુરક્ષાને ધ્યાનમાં લઈને પરિસ્થિતિની સમીક્ષા



પણ કરી રહી છે. આ સંબંધમાં ગૃહ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવાવમાં આવ્યું છે કે અમરનાથ યાત્રા અંગે તમામ સંભવિત પગલા લેવામાં આવી રહ્યા છે. સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિક્તા આપવામાં આવી રહી છે. ગૃહ મંત્રાલયના ખાસ સચિવે ચોથી અને પાંચમી જૂનના દિવસે અમરનાથ યાત્રાના બંને માર્ગ પર હવાઈ સર્વેક્ષણ કર્યું હતું. આ માર્ગો પર ઘણા સ્થળો પર બરફ જામેલી છે. જમ્મૂ કાશ્મીરના રાજ્યપાલ એનએન વોરા પણ પહેલગામ અને અન્ય માર્ગની સમીક્ષા કરનાર છે. અમરનાથ યાત્રા નિર્ધારિત સમયે શરૂ થાય તેની ખાતરી કરવા જરૂરી સુચનો પણ જારી કરાયા છે.

## હોર્સ ટ્રેડીંગ આક્ષેપ વચ્ચે સીબીઆઈના દરોડાઓ

રાચી,તા.૧૩

ઝારખંડમાં હોર્સ ટ્રેડીંગના આક્ષેપો બાદ સીબીઆઈ દ્વારા દરોડાનો દોર જારી રાખવામાં આવ્યો છે. આજે સવારે સીબીઆઈ અધિકારીઓએ હોર્સ ટ્રેડીંગના આક્ષેપોના સંબંધમાં બે અપક્ષ ધારાસભ્યના નિવાસ સ્થાને અને અન્ય કેટલાક ધારાસભ્યોના સંબંધિઓના આવાસ ઉપર દરોડા પાડ્યા હતા. હોર્સ ટ્રેડીંગના આક્ષેપો થયા બાદ ઝારખંડમાં રાજ્યસભાની ચૂંટણી અટવાઈ પડી હતી. સીબીઆઈના અધિકારીઓએ સવારે માહિતી આપતા કહ્યું હતું કે અપક્ષ ધારાસભ્ય બંધુ તિર્કે અને ચામરાના નિવાસ સ્થાન ઉપર દરોડા પાડવામાં આવ્યા છે. ઉપરાંત દિલ્હી અને ગુડગાંવમાં પવન કુમાર ધુતના આવાસ ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા છે. ૩૦મી માર્ચના દિવસે રાજ્યસભાની બે બેઠકો માટેની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારો પૈકી એક ઉમેદવાર તરીકે ધૂત પણ હતા. સીબીઆઈએ ઓરિસ્સામાં જર્સુગુડા ખાતે જેએમએમના ધારાસભ્ય સીટા સૌરેનના આવાસ ઉપર પણ દરોડા પાડ્યા હતા.

હોર્સ ટ્રેડીંગના આક્ષેપોમાં તપાસ પોતાના હાથમાં લીધા બાદ સીબીઆઈ તરફથી ચૌથી વખત દરોડા પડાયા છે. એવો આક્ષેપ કરાયો હતો કે ઉપલાગૃહની ચૂંટણીના કલાકો પહેલા રાચીમાં એક વાહનમાંથી ૨.૧૫ કરોડ રૂપિયાની રોકડ રકમ મળી આવી હતી. રકમ મળી આવ્યા બાદ ૩૦મી માર્ચની રાજ્યસભાની ચૂંટણી મૌકૂફ કરાઈ હતી અને ત્યારબાદ ૩જી મેના દિવસે નવેસરની ચૂંટણી યોજાઈ હતી.





SANGHI CEMENT | KisaN | VINAYAK 500 TMT BARS - ISI | SANGHI STEEL - ISI
BENELAVE | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT | BIRLA TYRES Unbeatable!
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,